

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*વચન-પાલન ક્યારેક આફત થઈ જાય છે,*
*કરોડોમાં સરકારી દેવાં માફ થઈ જાય છે.*
*સાફ થઈ જાય તિજોરી માલ્યાઓ જેવા કરતાં -*
*- તો સારું, ખેડૂતોની ચિંતા તો બાફ થઈ જાય છે.*

હાઈકુ

*લ્યો! સમિતિઓ!!*
*આવી ગઈ ભાગોળે -*
*ચૂંટણી ભેંસ...*
*(ભાજપી સરપ્રાઈઝ)*

*ફર્જ તમારી*
*યોગ શિક્ષણ નહીં -*
*સ્વચ્છતા રાખો!*
*(આરોગ્ય આપોઆપ આવશે મનપા!!)*

### ચિંતન

*પાની કેરા બુદબુલા અસ માનસ કી જાત,*
*દેખન મેં છીપ જાયગા જો તારા પરભાત*

ઉપરોક્ત ચોપાઈ કબીર બીજકમાંથી લેવામાં આવેલ છે.

જીવનમાં આ વિસામો કયાં, કયારે અને કેવી રીતે લોવો પડશે એની ખબર પડતી નથી. કારણ કે ઘરમાં કે ઘરબહાર, આંગણામાં કે શેરીમાં, વતનમાં કે વિદેશમાં, ચાલતાં કે સૂતાં, બસમાં કે ટ્રેઈનમાં, સવારે બપોરે કે સાંજે ગમે ત્યારે યમરૂપી અતિથિ દેવ પધારે છે અને મને કે કમને તેમને સાથ આપ્યા વગર છુટકો નથી. આથી આપણે સદૈવ મૃત્યુ માટે તૈયાર જ રહેવું જોઈએ. જીવનમાં વહેલો કે મોડો આ વિસામો અફર છે, તેથી જ તેનો ભય, ડર કે મોહ ન રાખવો જોઈએ.

હકીકતમાં જીવનની નશ્વરતા વિશ લોકો અજ્ઞાન અને બેપરવાહ રહે છે. માણસને જીણ-શીર્ષ શરીર પ્રત્યે મોહ અને દીર્ઘ વિસામા પ્રત્યે અણગમો હોય છે.

### સુવિચાર

- આજ વો કાબિલ હુએ જો કભી કાબિલ નથે,
  મંઝિલે ઉનકો મિલી જો દૌડ મેં કભી શામિલ ન થે - **અહમદ નૂરાની**
- કીડા કદી ક્રાંતિ કરતાં નથી અને મગતરાં કદી મહાન થતાં નથી - **ચંદ્રકાન્ત બક્ષી**
- જે દેશ પોતાની આઝાદી માટે શહીદ થયેલાવીરોને યાદ રાખી શકતો નથી
  તે દેશ વીરો-શહીદો પછી પેદા કરી શકતોન થી - **એસ. ભટ્ટાચાર્ય**
- આંખે ફૂટી જાય પછી કાજલનું શું કામ છે ?? - **મુંબઈ સમાચાર**
- તમે સુખી છો કે નહીં તે વિશે ચિંતા કરવાની ફુરસદ હોવી એ જ દુ:ખનું રહસ્ય છે - **બર્નાડ શો**
- આત્મા, બુદ્ધિ અને મન - આ ત્રણે અત્યંત સમીપની વસ્તુઓ છે. આનાથી જ વાસ્તવિક મનુષ્યનું અનુમાન કરી શકાય છે, સભ્યતા પૂર્ણ વ્યવહાર ઢોંગ માત્ર હોઈ શકે છે - **સંત ઓગસ્ટીન**
- આજનું ઔષધ : કાચા કાંદાનું નિયમિત સેવન કરવાથી દાંત મજબૂત થાય છે

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

મોતીશા શેઠે શેત્રુંજય પર્વત પર દેરા બનાવડાવેલા અને એમના દીકરા ખીમચંદ શેઠ. કોઈ કારણસર ખીમચંદને ધંધામાં ખોટ ગઈ અને પેઢી કાચી પડી. ધંધો બંધ કરવાની જાણ સરકારને કરી. સગા સંબંધીઓ એ સલાહ આપી. 'ભાઈ ધંધામાં ખોટ આવે પણ જો જે સરકારમાં બધું જ બતાવી દેતો નહીં. નહીંતર તારે ખાવાનાંય સાંસા પડશે અને સરકાર જપ્ત કરી તને રસ્તા પર લાવી દેશે.' દરિયાવદિલ ખીમચંદે કહ્યું, 'મારા માતા પિતાએ ખૂબ દાન પુન્ય કરું છે અને હું પૈસા માટે મન મેલું નહિં કરું.'

ખીમચંદે ઘરેણા, દાગીના, રોકડા, સ્થાવર જંગમ મિલક્તની ઝીણામાં ઝીણી વિગતનો હિસાબ કોર્ટમાં રજૂ કરી દીધો. જજ ખુદ આભો બની મનમાં વિચારતો રહ્યો કે આમ કોઈ કાગળ પર પોતાના કાંડા કાપીને આપતું હશે ?

ખીમચંદ શેઠે કોર્ટની બહાર નીકળતા હતા ત્યાં વળી પાછા કોર્ટમાં આવ્યા અને જજને કહ્યું, 'નામદાર સાહેબ મારા કાનની આ બે સોનાની વાળી છે જે મિલકતમાં નોંધવાની રહી ગઈ છે. જે નોંધી લેવા આપણે વિનંતી.' જજ, પણ આ સાંભળી મનોમન ખીમચંદશેઠને વંદન કર્યા.


# શાળા સંચાલકો પર લગામ કસવી અઘરી છે

**તંત્રીસ્થાનેથી...**

ગુજરાત રાજયનું શિક્ષણ ખાતું વિદ્યાર્થીઓ અને વાલીઓની તરફેણમાં સફાળું જાગ્યું હોય એવું વાતાવરણ સરજાયું છે. ભાજપના પંદર વર્ષથી વધુ સમયના શાસનકાળમાં શિક્ષણક્ષેત્રની તાસીર ધરમૂળથી બદલાઈ જવા પામી છે. ખાનગી શિક્ષણ સંસ્થાઓ બિલાડીની ટોપની માફક ફૂટી નીકળી છે અને સરકારી શાળાકૉલેજો પ્રત્યે વિદ્યાર્થીઓ અને વાલીઓની શ્રદ્ધામાં સતત ઘટાડો અને ઘસારો નોંધાયો છે. જેમ ગરીબમાં ગરીબ પરિવારનો દરદી શક્ય હોય ત્યાં સુધી ખાનગી દવાખાનામાં જ સારવાર લેવાનું પસંદ કરે છે એમ અંતરિયાળ ગામડાના વાલીઓ પણ એમનાં સંતાનોને ચમકદમકવાળી અને ઊંચા પરિણામ લાવવાનો દાવો કરતી રહેતી હાઈફાઈ શાળાઓમાં ભણાવવા માગે છે. અગાઉના જમાનામાં ગરીબ અને નીચલા મધ્યમ વર્ગનાં માબાપ પેટે પાટા બાંધીને પણ પોતાના સંતાનોને ઉચ્ચ શિક્ષણ અપાવવા મથતાં હતા કે ભણીગણીને બાળકો છાંયડે જિંદગી પસાર કરશે એવી આશાએ એને નજીકના તાલુકા મથકે અથવા જિલ્લા મથકે ચાલતી વિદ્યાસંસ્થામાં દાખલ કરી આવતાં હતા તે જ રીતે આજે એકવીસમી સદીમા આ '૪-જી' યુગમાં પણ સંતાનોને સારું શિક્ષણ મળી રહે અને એમની કારકિર્દી બને એ માટે માતાપિતા ન પોસાય એવી ઊંચી ફી ભરીને કહેવાતી શ્રેષ્ઠ ખાનગી શાળાઓમાં જ ભણાવવાની માનસિકતા ધરાવે છે. અગાઉ તો શાળા શિક્ષણની સંપૂર્ણ વ્યવસ્થા સરકારી કરતી જયારે છેલ્લાં કેટલાંક વર્ષોથી સરકાર પોતાની જવાબદારી ખંખેરી નાખી શિક્ષણના ખાનગીકરણને પોષતી હોવાનું સ્પષ્ટપણે જોઈ શકાય છે. આવી શિક્ષણસંસ્થાઓએ શિક્ષણને 'લુક્રેટિવ બિઝનેસ' બલકે 'એજ્યુકેશન ઈંડસ્ટ્રી'માં ફેરવી દીધું છે. એ શિક્ષણ જરૂર આપે છે, પણ સંસ્કારના નામે તો નામું જ લખાઈ ગયું છે. આવી શાળાઓમાં તૈયાર થતાં બાળકો માણસ કરતાં વધારે મશીન જેવાં લાગે છે. વધુ ફી આપીને ભણેલ હોઈ એમને છેવાડાના માનવીની તો ખબર જ નથી રહેતી. પોતે ખરચેલાં નાણાં વસૂલ કરવાની નકારાત્મક અને સ્વકેન્દ્રિત માનસિકતા સાથે એ ઊછરે છે. પછી જે નવો સમાજ રચાય છે એમાં કદાચ બાકીનું બધું જ હોય પણ સંવેદનશીલતાનો છાંટોય મળવો મુશ્કેલ છે. આવી નઘરોળ પરિસ્થિતિનીસામે ગુજરાતનાં સૌમ્ય અને સાલસ મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રી હવે મોડા મોડા પણ લાલ આંખ કરીને ધંધાદારી શાળા સંચાલકોને મર્યાદામાં રહેવાની શિખામણ આપે છે અને ફી માટેનું ધોરણ બાંધી આપે છે, તે જરૂર આવકારવાલાયક બાબત છે, પરંતુ એમનો આ ચૂંટણી વર્ષ દરમિયાનનો હસ્તક્ષેપ કેટલો કારગત નીવડશે એ તો સમય જ કહેશે. ધંધારી શિક્ષણ સંસ્થાઓ કોઈ ગાંધી કે ટાગોરની વિદ્યાપીઠ કે શાંતિનિકેતનના આદર્શો પર થોડી ચાલતી હોય? એ તો વિદ્યાર્થીને 'ગ્રાહક' સમજીને સાચવે છે અને એને તૈયાર કરવાની તગડી કિંમત વસૂલે છે. આવા શાળા સંચાલકોને શિક્ષણમંત્રી કે સરકાર ઊંચી ફી વસૂલતાં ટોકે તે ગમે ખરું ? સંચાલકો સરકારના હસ્તક્ષેપ સામે અદાલતના દરવાજા ખખડાવવાનો વિકલ્પ વિચારી રહ્યા છે. સામે પક્ષે વિદ્યાર્થીઓ અને વાલીઓ ભારે અવઢવ અનુભવી રહ્યા છે. આખરે પોતાના સંતાનને સારી કારકિર્દી ઉપલબ્ધ કરાવવા ખાતર તો વાલીઓ પાસેથી વસૂલાયેલાં નાણાં બીજી ટર્મમાં મજરે અપાવવાની બાંહેધરી લેતી હોય છતાં વાલીઓ ઉદ્દંડ શાળા સંચાલકોની મરજી વિરુદ્ધ પોતાનાં સંતાનોની કારકિર્દીના ભોગે એ માટેની હિંમત દાખવી શકશે ખરા ? મૂળ સ્વકેન્દ્રિત માનસિકતાનો છે. મૂઆ રૂપિયા જાય તો જાય પણ આપણા બાળકનું ભવિષ્ય ન બગડવું જોઈએ - એવા સમાધાનકારી વલણ સાથે મોટા ભાગના વાલીઓ તો શાળા સંચાલકો સામે આંદોલનમાં જોડાવાનું જ ટાળતા રહેવાના. સરકાર પોતાની મશીનરી કામે લગાડીને આવા ધંધાદારી શાળા સંચાલકોને કદાચ વખત પૂરતા કાબૂમાં રાખી વાલીઓમાં વાહવાહી મેળવી શકે તે બનવાજોગ. પણ શું એ નિયંત્રણ લાંબો વખત ચાલી શકશે ખરું ? બલકે ફી નિર્ધારણ સમિતિને પણ આવા ટોપ લીડરશીપ અને બ્યુરોક્સી સાથે ધરોબો ધરાવતા શાળા સંચાલકો જતે દહાડે પોતાની ઈશારે નહીં નચાવે એની શી ખાતરી ?

# તાપમાનનો વધારો - વન્યજીવો પર અસર

નાસાના એક અહેવાલ મુજબ ગત ૨૦૧૬એ છેલ્લા ૧૮૮૦થી નોંધવામાં આવતાં તાપમાન રેકર્ડમાં વધુમાં વધુ નોંધાયું હતું. છેલ્લો દસકો પણ આ ગાળાનો ગરમાગરમ રહ્યો છે. વર્ષ ૧૮૮૦થી ૨૦૧૨ દરમિયાન સમગ્ર વિશ્વના જમીન તથા જલીય સપાટીના સરેરાશ તાપમાનમાં ૧.૫૩ ડીગ્રીનો વધારો થયાનું નોંધાયું છે. વિવિધ માનવીય પ્રવૃત્તિઓના પરિણામ સ્વરુપે ખાસ કરીને 'આબોહવા પરિવર્તન' ના કારણરુપ હરિતગૃહ વાયુઓ (Green house gases) ના સતત થઈ રહેલા વધારાને કારણે હજુ પણ આ ઘટનાક્રમ ચાલુ રહેનાર છે. એક અંદાજ પ્રમાણે વર્ષ ૨૧૦૦ સુધીમાં સરેરાશ તાપમાનમાં ૪ ડીગ્રી જેટલો વધારો થનાર છે.



તાપમાન વધારાને કારણે માનવો પર તો અસર થઈ રહી છે જ પંરતુ તેની સાથેસાથ વન્યજીવો કે અન્ય જીવો પર તેની શું અસર થનાર છે તેનો અભ્યાસ થવો જરૂરી છે. હાલના વૈશ્વિક તાપમાનમાં થઈ રહેલા વધારાને પરિણામે પૃથ્વી પર ભૌતિક અને જૈવિક બદલાવો જોવા મળશે. આ બદલાવોની અસરરુપે ક્ષેત્રિય હવામાન, વિવિધ પરિસરતંત્રો અને ત્યાં રહેતાં વિવિધ જીવો પર તેની વિવિધ અસરો પડશે.

આપણે જાણીએ છીએ તે મુજબ આ પૃથ્વી પરના વિવિધ વન્યજીવોની જાતિઓ તેમના વાસસ્થાન વિસ્તારોના ચોક્કસ હવામાન અને વિવિધ પર્યાવરણીય ઘટકોની ખાસિયત ને કારણે જ ટકી શકે છે, જોવા મળે છે. તેમાં કોઈ પણ પ્રકારનો બદલાવની અસર તેમના પર થઈ શકે છે. સામાન્ય રીતે મોટાભાગના જીવો તેમની આસપાસના વાતાવરણ પ્રમાણે અનુકૂલનો સાંધી શકે છે પરંતુ આ પ્રક્રિયા માટે લાંબા વર્ષો લાગે છે હાલમાં જે ફેરફારો થઈ રહ્યા છે તે ખુબ જ ઝડપી છે અને આ ઝડપે જીવો અનુકૂળ ન સાંધી શકતા હોઈ તેઓનો નાશ થવા લાગે છે.

વૈશ્વિક તાપમાનમાં થતાં વધારાને કારણે હવામાનમાં જે બદલાવ થાય છે તેના કારણે પ્રાણીઓની દિનચર્યા, જીવનચક્ર જેમ કે, સ્થળાંતરણ, સંવનન, ઉછેર, વસંત દેખાવય પર તેની સીધી અસર પડી શકે છે. બર્ફીલા ધ્રુવીય પર પર્વતીય ક્ષેત્રો વધારે પડતી ગરમીને કારણે બરફ પીગળવાથી ત્યાંના પ્રાણીઓનું સ્થળાંતર થઈ શકે છે. ઠંડા પ્રદેશોમાં જેવા કે આર્કટીક ભાગનો બરફ પીગળી પાણીમાં ફેરફાર જતાં દરિયાઈ સપાટી ઊંચી જઈ શકે છે. દરિયાઈ પાણીની સપાટીનું તાપમાન વધવાની તેની પી.એ. વધશે અને આવા કારણોસર દરિયાઈ પરિસરતંત્ર પર મોટી અસરો પડશે. કોરલ (પરવાળા)માં બ્લીચીંગ થઈ જાય તો તે મૃતપ્રાય બનતાં તેના પર આધારીત દરિયાઈ જીવો ખાસ કરીને માછલીઓ પણ મોટા પ્રમાણમાં મરી શકે છે. દરિયાકાંઠા વિસ્તારો, નાના ટાપુઓ તથા દ્વિપકલ્પ ભાગોમાં કલાઈમેન્ટ ચેન્જ - આબોહવા, બદલાવની મોટાપ્રમાણમાં અસરો જોવા મળશે.



**વનસૃષ્ટિનો પરિચય**
**હેમંત સુથાર**

એક અંદાજ મુજબ માનવીય દ્વારા સર્જિત સમસ્યાઓ જેમાં ખાસ કરીને કલાઈમેન્ટ ચેન્જના કારણે વર્ષ ૨૦૫૦ સુધીમાં ૨૫ ટકા જેટલી જાતિઓ લુપ્ત થનાર છે. જલીય વિસ્તારોમાં ઉભયજીવીઓ રોગો, ગરમ તાપમાન તથા સુકી હવાને કારણે મોટા પ્રમાણમાં લુપ્ત થવાની સંભાવનાઓ છે. પક્ષીઓની ૨૦ ટકા એટલે કે ૧૮૦૦ જેટલી જાતિઓ લુપ્ત થવાની સંભાવના છે. તેજ રીતે કીટકો અને અન્ય રોગિષ્ટ જીવાણુઓ ગરમી વધતાં વધુ ઊંચાઈ ધરાવતાં પ્રદેશોમાં પણ ફેલાવવાની સંભાવનાઓ છે હાનિકારક અસરો ઊભી કરશે. સમય કરતાં વહેલા સ્થળાંતર, સંવનન કે બચ્ચાંઓનો જન્મ ખોરાક તથા આશરાની સમસ્યાઓ સર્જાશે. આ બધી બાબતો વધુ અભ્યાસ સંશોધનોની જરૂરિયાત દર્શાવે છે.

# યે મેરા પ્રેમપત્ર પઢકર

કંપ્યુટર યુગમાં આજે પત્રો લખવાની કલા ભૂંસાતી જાય છે. કલમના સહારે સર્જાતા પ્રેમને બદલે આજે કી-બોર્ડ પર આંગળીઓ ફેરવીને પ્રેમ થઈ જતો જોવા મળે છે. આવા ઈ-મેલીયા યુગમાં પ્રેમપત્ર વિશે હાસ્યલેખ લખવો એ પ્રેમમાં પડવાં કરતાંય અઘરું કામ છે.

પત્રોના ઘણાય પ્રકારો છે. આપણે વર્તમાનપત્રથી શરુઆત કરીએ તો.... વર્તમાનપત્ર, આવેદનપત્ર, વિનંતીપત્ર, ધમકીપત્ર, અરજીપત્ર, ચર્ચાપત્ર, પ્રગતિપત્ર, અશુભપત્ર, લોનપત્ર, નોટિસપત્ર, ભાડાપત્ર અને આ બધા પત્રોમાં સૌથી શ્રેષ્ઠ પત્ર હોય તો તે 'પ્રેમપત્ર'.

આ બધા પત્રોમાં હજીયે પ્રેમપત્રની લોકપ્રિયતા સહેજેય ઘટી નથી, કેમ કે પ્રેમપત્રની અનેક વિશિષ્ટતાઓ છે. પુરાણના સમયમાં રાજા-મહારાજાઓ તામ્રપત્રની ઉપર, ભોજપત્ર ઉપર પ્રેમપત્રો લખીને પોતાની લાગણી પ્રિય પાત્ર સુધી પહોંચાડતા.

પ્રેમપત્ર કેવી રીતે લખાય? એ પણ એક જાતની કલા છે. એમાં ભલે હૃદયની ભાષા લખાતી હોય છતાંય એમાં કલાત્મકતા હોય છે. આજના ઘણા યુવક-યુવતીઓ પ્રેમપત્રો લખવામાં પારંગત હશે અને ઘણાયને એક અક્ષર પણ લખતા નહીં આવડતું હોય, આજના ઘણાય યુવાનોના પ્રેમપત્રોમાં વિનંતીપત્રનો આભાસ થતો જોવા મળે છે. બહાર આખાય ગામનો 'બોસ' બનીને ફરતો હોય પણ પ્રેમપત્રમાં પોતાની સાતપેઢીની નમ્રતા ઠાલવી દેશે. એમાં છેલ્લે વારંવાર વિનંતીઓ કરી-કરીને પણ જવાબ મેળવવાની ઈચ્છા વ્યક્ત કરે છે.

બેકાર યુવાનોના પ્રેમપત્રો અરજીપત્રો જેવા હોય છે કેમ કે નોકરી મેળવવા માટેની અરજીઓ કરી કરીને તેમના માનસપટ પરથી તેમના માનસપટ પરથી અરજીપત્રની છાપ ભુંસાતી નથી. તેથી પ્રેમપત્રોમાં છેલ્લે 'આપનો વિશ્વાસુ' લખીને પોતાનું શુભ નામ લખશે. આવા યુવાનો પ્રેમપત્રોમાં પોતાની લાયકાત, જન્મતારીખ, વતનનું સરનામું, પિતાશ્રીનું આખું નામ, જ્ઞાતિ, ધર્મ અને 'ઉમેદવાર ગાંડપણ નથી ધરાવતા'ની બાહેંધરી પણ આપી દેતા હોય છે. આ પ્રકારના અરજીપત્ર જેવા પ્રેમપત્રોના જવાબ પણ 'તમારી નિમણૂંક કરવામાં આવતી નથી' હોય છે.

કુંવારા (કેટલાક પરિણિત) શિક્ષકોના પ્રેમપત્રો પ્રગતિપત્રક કે પ્રશ્નપત્ર જેવા હોય છે. જેમાં ખાનાઓ, વિભાગો અને પ્રશ્નપત્રોના કુલ માર્ક્સની વિગતો હોય છે. તંત્રીઓના પ્રેમપત્રો વર્તમાન જેવા હોય છે. વિશ્વના અને દેશના પ્રશ્ને રજૂ કરતા હોય છે. હવે છોકરી બિચારીને પોતાના મહોલ્લાના પ્રશ્નોની ખબર ન હોય અને આવા વૈશ્વિક પ્રશ્નો વાંચીને જ ડરી જાય છે. લેખકોના પ્રેમપત્રો નિબંધપત્રો જેવા હોય છે, જેમાં મૂળવાત ઉપર આવતાં, પ્રસ્તાવના રૂપે જ પાંચ પાનાં લખી નાખે, ત્યાં સુધીમાં તો પેલી કંટાળીને પત્ર ફાળી નાખે. કવિઓના પ્રેમપત્રો કાવ્યપત્ર જેવા હોય છે. જેમાં ગદ્યને બદલે પદ્યમાં બધું લખાયેલું હોય, એમાં ઘણી વખત લાભ પણ થઈ જતો હોય છે. મારા એક કવિ મિત્રએ પોતાની પ્રેયસીનેને 'સુંદરમ્‌ની કાવ્યપંક્તિઓ 'તમે મેં ઝંખી છે / યુગોથી ધિખેલા પ્રખર સહરાના રણ થકી...' લખીને મોકલી હતી, પેલી છોકરી તો એટલી પ્રભાવિત થઈ ગઈ કે ઓહોહો મારા વિશે આટલું ઊંડાણભર્યું લખ્યું. તેણે મારા કવિ મિત્ર સાથો લગ્ન પણ કરી પછી ખબર પડી કે પંક્તિઓ કવિપતિની નહીં પણ શબ્દપતિ - સુંદરમ્‌ની હતી... છતાંય આજે બંને સુખી છે.

વિવેચકોના પ્રેમપત્રો ચર્ચાપત્ર જેવા હોય છે. તેઓ પોતાના પ્રથમ પત્રમાં જ પ્રેમિકાને લખી નાખે છે કે 'ગઈકાલે મેં તને થિયેટરમાં કોઈની સાથે જતાં જોઈ હતી, પણ નીકળતાં જ જોઈ !' આમ આવાં વિવાદાસ્પદ વિધાનો દ્વારા વિવેચક પોતાની તીક્ષ્ણ નજરની વિદ્વતા વ્યક્ત કરીને જ જંપે છે. બેંકવાળાના પ્રેમપત્રો બેલેન્ટશીટ જેવા હોય છે. પ્રથમ પત્રમાં જ આખા મહિનાના ખર્ચનું - આવકનું સરવૈયું લખી દેતા હોય છે. જયારે પેલી બિચારી ગણિતમાં જ આઠ વાર ફેઈલ થયેલી હોય છે આથી આંકડાકીય માહિતી જોઈને જ મૂંઝાઈ જાય છે. પોલીસવાળાના પ્રેમપત્ર ધમકીપત્ર જેવા હોય છે. જો તું મને કાલે આટલા વાગ્યે, અહીંયા નહીં મળે તો તારી ઉપર ૪૨૦ની કલમ લગાવી તારી ધરપકડ કરીશ. પેલી બિચારી ડરની મારી હાજર થઈ જાય છે.



**મોરપીંછના રંગ**
**ડૉ. કનૈયાલાલ ભટ્ટ**

મારા ઘણાય મિત્રોના પ્રેમપત્રો મેં જોયા છે. વાંચ્યા છે અને લખી પણ દીધા છે. મારો એક મિત્ર પ્રેમપત્રને માહિતીપત્ર સમજી બેઠેલો, તેણે પ્રેમપત્રમાં પોતાની, પોતાના મિત્રોની, આખાય કુટુંબની, દાદા-વડદાદા... બધાયની વિગતવાર માહિતી પ્રથમ સત્રમાં જ લખીને આપેલી. પણ સામેથી જવાબ પણ આવેલો કે 'મારા પિતા વસ્તી ગણતરીમાં કામ કરે છે, તેમને મળજો.' મારા એક અંગત ગ્રેજ્યુએટ મિત્રે પોતાના પ્રેમપત્રમાં જીવન વિષયક, પુરાણવિષયક, શિક્ષણ, રાજકારણ, અર્થતંત્ર, કન્યાકેળવણી, બેકારી, ગરીબી, આતંકવાદ, ફુગાવો, મંદી, વસ્તીવધારો, તત્ત્વજ્ઞાન, ઈતિહાસ અને ક્રિકેટ વિષયક કુલ એંસી જેટલા લાંબા પ્રશ્નો પૂછેલા અને સામેથી જવાબ આવેલો કે હું એસ.એસ.સી. માં નાપાસ છું. તમારા પ્રશ્નોના ઉત્તર આપી શકું તેમ નથી તો મને માફ કરશો.

મારા બીજા એક મિત્રે પહેલો પ્રેમપત્ર માત્ર બે-ત્રણ ગદ્યપંક્તિમાં જ લખેલો કે 'પ્રિયે, તું મને આવતી કાલે ગમે તેમ કરીને પણ ઋતુરાજ સિનેમા પાસે મળશે, હું છેલ્લા શોની બે ટિકિટ લઈને તારી રાહ જોઈશ.' બીજા દિવસે કોઈ ન આવ્યું અને એની સાથે ફિલ્મ જોવાનું સદ્ભાગ્ય મને મળેલું. મારા એક મિત્રએ તેના પ્રથમ પ્રેમપત્રમાં જ તેની પ્રેમિકાને સ્કૂટી લાવી આપવાની ઑફર (લાંચ) આપેલી પછી પેલીએ જવાબ પણ આપેલો કે હું હાલમાં મારુતિકાર તો ફેરવું છું એનાથી ઉપર અપાવી શકે તો મારી 'હા' છે. પછી મારા એ મિત્રે જ માંડી વળેલું.

આવી રીતે જાત-જાતના, ભાત-ભાતના પ્રેમપત્રો લખાતા જાય છે અને પ્રેમના કે જીવતરના કે સંબંધના તાણાવાણા ગુંથાતા જાય છે અને ગૂંથાયા પછી ઘણીવાર છૂટતા-તૂટતા - બટકતા પણ જાય છે, સંધાય છે, વળી તૂટે છે અને બીજે પણ જોડાય છે.

પ્રેમપત્રનું પ્રદૂષણ આજે સમાજમાં વ્યાપકપણે વિસ્તરતું જાય છે. પ્રેમપત્રની પવિત્રતા આજના યુવાનો સમજી શકતા નથી. આજે પ્રેમપત્રનું સામાજિક કે સાહિત્યિક મૂલ્ય નથી રહ્યું. સરસ્વતીચંદ્ર લખેલો કુમુદ પરનો પત્ર કે સત્યકામે લખેલો રોહિતી પરનો પત્ર... એ ઉત્તમ પ્રેમપત્રના નમૂના છે. જયારે હૃદયમાં સાચા પ્રેમ આકાર લે છે ત્યારે પ્રેમપત્રનું સર્જન પણ આપોઆપ થઈ જાય છે.

# મની, મનોરંજન અને મસ્તીના 'દસ સાલ' આપ કે નામ...!!!

૨૦૦૮મા લલિત મોદીની આગેવાની નીચે આઈપીએલ ની શરૂઆત થઈ ત્યારે ક્રિકેટપ્રેમીઓની સાથે સાથે મી.મોદીને પણ ડાઉટ તો હતો જ કે સીટી સીટી વચ્ચેની સ્પર્ધાને કેવોક રિસ્પોન્સ મળશે પણ આજે આઈપીએલ ૧૦ માં વર્ષમાં એન્ટર થઈ ચુકી છે ત્યારે આવી અનેકો આશંકાઓ ક્લીન બોલ્ડ થઈ ગઈ છે...!!! ઈવન એ સમયે તો ઘણા બધા ક્રિકેટરોએ એવો પણ ભય વ્યક્ત કરેલો કે આઈપીએલનું ફટાફટ ક્રિકેટ અસલી ટેસ્ટ અને વનડે ક્રિકેટને હીટ વિકેટ કરી નાખશે. જો કે શરૂઆતી સાઈડઈફેક્ટસને બાદ કરીએ તો અત્યારના ક્રિકેટમાં આ ફટાફટ ક્રિકેટને કીધે બોલર્સ-બેટ્સમેન અને ફિલ્ડરોએ જે નવી ટેકનીકો શોધી કાઢી છે એનું મૂળિયું આ આઈપીએલની સટાસટી જ છે એવું કહેવું જરાયે અતિશયોક્તિ નથી જ. તો સાથે સાથે પૈસાનું પ્રભુત્વ પણ એટલું જ વધતું ચાલ્યું. આઈપીએલ ની ઓપનીંગ સિઝન ૨૦૦૮માં સૌથી મોંઘો ખેલાડી હતો મહેન્દ્રસિંહ ધોની અને કિંમત હતી ૬ કરોડ રૂપિયા, જ્યારે આજે ૧૦ મી આઈપીએલમાં સૌથી મોંઘો ખેલાડી છે બેન સ્ટોક્સ અને કિંમત છે ૧૪.૫ કરોડ રૂપિયા. જો કે વચમાં યુવરાજસિંહ ૧૬ કરોડમાં વેચાયને સૌથી મોંઘો ખેલાડી બની ચુક્યો છે. આઈપીએલ ની આખીયે કરમકુંડલી આ ૬ – ૧૪ અને ૧૬ કરોડમાં આવી જાય છે....!!!!!

આઈપીએલની શરૂઆત માત્ર અને માત્ર પૈસાને ખાતર જ થયેલી એ નિર્વિવાદ છે જ. ઠન ઠન કી સુનો ઝંકાર ની જેમ આઈપીએલ એ બીજું કઈ નહિ પણ માત્ર ને માત્ર પૈસાનો ખેલ જ છે એ વાત તો ક્રિકેટના ચાહકો પણ સ્વીકારે છે પણ આ મની ની સાથે સાથે જે મનોરંજન છે એ બેમિસાલ છે. ૧૦ વર્ષોમાં આઈપીએલ ઘણી બધી રીતે બદલી ચુકી છે ઈવન ઘણી વખત તો વેન્યુ પણ બદલી ચુક્યા છે પણ જો કશું ના બદલાયું હોય તો એ બે ચીજ છે – એક તો મનોરંજન અને બીજું પૈસા...!!! મની ના મહત્વ વિષે ખાલી આ આંકડા જ કાફી છે કે પાછલા ૯ વર્ષોમાં આઈપીએલ ની બ્રાંડ વેલ્યુમાં ૮૫૯% અને બિસિસિઆઈ ની તિજોરીમાં ૩૭૭% જેટલી રકમની થપ્પી ગોઠવાઈ ગઈ. જી હા, રાજાની કુવરીની જેમ આઈપીએલ દિન દુની રાત ચોગુની કમાણી કરતી થઈ ગઈ છે. હા આ બધાની વચ્ચે ખેલાડીઓના પ્રદર્શનમાં ઘણો સુધારો થયો ઈવન આઈપીએલ ની ટેકનીક ઈન્ટરનેશનલ મેચોમાં પણ કામ લાગતી ગઈ, ટેકનીક્સ સુધરી તો સાથે સાથે પાછલા નવ વર્ષોમાં આઈપીએલ માં કૌભાંડો પણ થયા, પૂરી કી પૂરી બે ટીમોને સસ્પેન્ડ કરી દેવામાં આવી, ભ્રષ્ટાચારના આરોપો પણ લાગ્યા, અધિકારીઓને ઘરભેગા પણ કરવામાં આવ્યા, ખેલાડીઓ સ્પોટ ફિક્સીંગમાં પણ ચમક્યા અને ઓર તો ઓર આઈપીએલ ના આદ્યસ્થાપક શ્રી લલિત મોદીને તો દેશ છોડીને પણ ભાગી જવું પડ્યું.

જે હોય તે પણ એ હકીકત છે કે ફલડલાઈટની ચકાચોંધ કરી દેતી રોશની વચ્ચે મેદાન પર રમાતા આ ' ખેલે ' દર્શકોના દિલમાં એક ખાસ જગ્યા બનાવી તો લીધી જ છે. ચીયરલીડર ના થીરકતા પગો અને ચાહકોની ચિચિયારીઓ વચ્ચે આઈપીએલ ૧૦ મી પેશકશ લઈને આવી પહોચી છે. ૨૦૦૮મા જેની સફળતા વિષે અવઢવ અને આશંકા હતી એ આઈપીએલ એટલી તો સફળ થઈ ચુકી છે કે એના નકશેકદમ પર વિશ્વમાં અનેકો દેશમાં ડીટ્ટો આવી જ ટુર્નામેન્ટ રમાતી થઈ ગઈ છે. ૨૦૧૧-૧૨ થી ઓસ્ટ્રેલીયામાં બીગ બેશ, ૨૦૧૪ થી ઈંગ્લેન્ડમાં નેટવેસ્ટ ટી ૨૦ બ્લાસ્ટ, ૨૦૧૨ થી દક્ષીણ આફ્રિકામાં સ્લેમ લીગ, ૨૦૧૬ થી પાકિસ્તાનમાં સુપર લીગ, ૨૦૧૩ થી વેસ્ટ ઈન્ડીઝમાં કેરેબિયન પ્રીમિયર લીગ અને ૨૦૧૨ થી બાંગ્લાદેશમાં બાંગ્લાદેશ સુપર લીગ ની જનેતા એ બીજું કોઈ નહિ પણ આપણી પોતાની આઈપીએલ જ છે. અને મજાની વાત એ છે કે ઓસ્ટ્રેલીયાની બીગ બેશને બાદ કરતા આપણી આઈપીએલ જોવાની મજા કોઈ ઓર જ આવે છે....ફુલ્લી મજ્જજો જ મજ્જજ્જો....!!!!!

આઈપીએલ ઈઝ ઓલ અબાઉટ મની એન્ડ મસ્તી...!!!! પેપ્સી અને કોકથી શરુ થયેલી આઈપીએલના સ્પોન્સર બનવાની હોડમાં આજે આઈડિયા, વોડાફોન, જીઓની, ઓપ્પો જેવી ટેલીકોમ કંપનીઓ આગળ નીકળી ચુકી છે. ૧૦મી સિઝનમાં આપણા મુકેશભૈની ' જીઓ ' એ બધી જ ટીમની જર્સી પણ પોતાનો લોગો ચિપકાવી દેવાનું અદ્ભુત કામ કરી દેખાડ્યું છે તો વિવો આજે સતત બીજી વાર ટાઈટલ સ્પોન્સર બની ચુકી છે. પહેલીથી દસમી આઈપીએલ સુધીમાં સ્પોન્સર્સની સંખ્યા ચાર ગણી વધી છે, એડ રેવન્યુ ડબલ થઈ ગઈ છે અને કમાઈ અનેકોગણી. આઈપીએલનું ટેલીકાસ્ટ પાર્ટનર સોનીએ ગઈ સાલ આઈપીએલમાંથી ૧૧૦૦ કરોડની કમાણી ઘરભેગી કરેલી અને આ વર્ષે એ આંકડો ૧૩૦૦ કરોડ પર પહોચવાનો એવો એને વિશ્વાસ છે.અને આ બધાનું મેઈન કારણ છે દર્શકોની સંખ્યામાં વધારો. જી હા આઈપીએલ-૧ થી ૯ સુધીમાં દર્શકોની સંખ્યા ૧૦ કરોડથી વધીને ૩૩ કરોડ સુધી પહોચી ગઈ છે અને આમાં વિશ્વના દર્શકોનો સમાવેશ તો થતો નથી જ.



**રઝળપાટ**
**અજય ઉપાધ્યાય**

એવું નથી કે આઈપીએલની બેફામ કમાણીમાંથી ફક્ત ફ્રેન્ચાઈઝી કે સ્પોન્સર જ કમાય છે, ઈન્ફેકટ આઈપીએલનું આ લખનારને સૌથી વધુ પોઝીટીવ કોઈ પાસું લાગતું હોય તો એ છે નવા – ઉગતા ખેલાડીઓને મળતા પૈસા. જી હા, ભારતમાં જે રીતે રાષ્ટ્રીય ટીમમાં રમવાનું સપનું પૂરું કરવામાં ઘણી વાર વર્ષો લાગી જાય છે એવામાં વર્ષોની કડી મહેનત પછી પણ ઘણા ખેલાડીઓ એ મુકામ નથી હાંસિલ કરી શકતા એવામાં આઈપીએલમાં સ્થાન મેળવીને પોતાની પ્રતિભા પુરવાર કરવાની પૂરી તક મળે છે એટલું જ નહિ પણ સાથે સાથે નસીબ હોય અને આવડત હોય તો સારા દામ પણ મળે છે. આઈપીએલને લીધે એવા ઘણા ખેલાડીઓ સારા પૈસા કમાઈને પોતાની વર્ષોની મહેનત અમુક અંશે લેખે લાગી એવો સંતોષ લેતા થયા છે. સ્ટાર ખેલાડીઓ તો કરોડોમાં વેચાય જ છે પણ ઓછા જાણીતા ખેલાડીઓને પણ સારા દામ મળે છે. મુરુગન અશ્વિન (દિલ્હી ડેરડેવિલ -૧ કરોડ), અનિકેત ચોધરી (રોયલ ચેલેન્જર – ૨ કરોડ ),કૃષ્ણપ્પા ગૌતમ (મુંબઈ – ૨ કરોડ), રીક્ષા ડ્રાઈવરનો દીકરો મોહમ્મદ સિરાજ ( સનરાઈઝર્સ – ૨.૬ કરોડ),રેલ્વે સ્ટેશન પર કુલીનું કામ કરતા પિતાનો દીકરો ટી.નટરાજન (પંજાબ – ૩ કરોડ), કારખાના ના કામદારનો દીકરો નાથુસિંહ (મુંબઈ – ૩.૨ કરોડ) અને આવા અનેકો ભારતીય ખેલાડીઓનું જીવન આઈપીએલે બદલી નાખેલ છે એ હકીકત છે.

આટઆટલી કમાણી અને લોકપ્રિયતા છતાં આઈપીએલ છેલ્લા અમુક વર્ષોથી બીબાઢાળ બનતી જતી હોય એવું લાગે છે અને એમાયે બીગ બેશ ના આવ્યા પછી આઈપીએલમાં રોમાંચકતા ઓછી થઈ ગયાનું ચાહકોને લાગે છે અને એનું કારણ છે કશુક નવીન હોવાની ઉણપ.છેલ્લી થોડી સિઝનથી દેખાઈ રહ્યું છે કે બેટ અને બોલ વચ્ચે કોઈ સંતુલન નથી રહ્યું, કશુક એક્સાઈટીંગ બનતું નથી. ૨૦૧૬ ની આઈપીએલમાં ઓલમોસ્ટ બધા જ મુકાબલા એકતરફી રહ્યા જેને લીધે મજ્જા અને મસ્તી કરવા

**અનુસંધાન પાના નં. ૭ પર**